# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૪ તા.૦૬-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ ૨૦૧૩ હેઠળ આંતરીક સમિતિની રચના કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક/મબક/કા.કાજ. આંતરીક સમિતિ/અમદ/૬૯૮૧/૨૨-૨૩ તા.૦૧-૦૩-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ ૨૦૧૩થી અમલમાં આવેલ છે આ કાયદો કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીની ફરિયાદોના નિવારણ તથા તેની સાથે સંકળાયેલ પ્રસ્તુત બાબતો માટે રક્ષણ પુરુ પાડે છે. આ કાયદાની કલમ નં.૪(૧) મુજબ આંતરિક સમિતિની રચના કરવાની જોગવાઈ કરવામાં આવે છે. આ કાયદા અનુસાર નીચે મુજબની ન.પ્રા.શિ.સમિતિ હસ્તકની મ્યુનિ. શાળાઓ, સિગ્નલ સ્કૂલ, ઝોનલ કચેરી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી વગેરેના તમામ મહિલા કર્મચારીઓ માટે શહેરકક્ષાની આંતરીક સમિતિનું પુનઃ ગઠન નીચે મુજબ કરવામાં આવે છે. જેની નોંધ લઈ તમામ મહિલા શિક્ષકાઓ / કર્મચારીઓની સહી કરાવવા આ અંગેની જાણકારી સાથે નોંધ લેવડાવવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | કર્મચારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રિતિબેન વ્યાસ | મદદનીશ શાસનાધિકારી (લીગલ) | અધ્યક્ષશ્રી |
| ૨ | પ્રો.ડૉ.સ્મિતા જોષી | પી.એમ.ડી.રાવલ સોશીયલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ(એન.જી.ઓ) | બિનસરકારી સંગઠનના પ્રતિનિધિશ્રી |
| ૩ | શ્રી પરિમલભાઈ પટેલ | નાયબ શાસનાધિકારી | સભ્યશ્રી |
| ૪ | શ્રી નૂતનબેન રાજપૂત | મદદનીશ શાસનાધિકારી | સભ્યશ્રી |

તા.૦૬-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી